શારીરિક ક્ષમતા કસોટી (Physical Efficiency Test) :

- શારીરિક કસોટી (Physical Test) માટે વહીવટી અનુકુળતા મુજબ કોઇપણ તારીખે અને સમયે ઉમેદવારોને બોલાવવામાં આવશે અને તે મુજબ શારીરિક કસોટી (Physical Test)માટે ઉમેદવારોએ તેઓને જણાવવામાં આવે તે કેન્દ્ર ખાતે હાજર રહેવાનું રહેશે. શારીરિક કસોટી (Physical Test) માટે તારીખ અને સમય બદલવા અંગેની ઉમેદવારોની કોઇ પણ રજૂઆત કોઇ પણ સંજોગોમાં ધ્યાને લેવામાં આવશે નહીં. આ બાબતમાં બોર્ડનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે.

| | | તમામ જગ્યાઓ માટે નીચે પ્રમાણે એક જ સંયુકત શારીરિક કસોટી યોજાશે. | | |
|---|---|---|---|---|
| દોડ | પુરૂષ | (ક) | ૫૦૦૦ મીટર દોડ | વધુમાં વધુ ૨૫ મિનિટમાં દોડ પુરી કરવાની રહેશે. |
| | મહિલા | (ખ) | ૧૬૦૦ મીટર દોડ | વધુમાં વધુ ૯ મિનિટ ૩૦ સેકન્ડમાં દોડ પુરી કરવાની રહેશે. |
| | એક્સ સર્વિસમેન | (ગ) | ૨૪૦૦ મીટર દોડ | વધુમાં વધુ ૧૨ મિનીટ ૩૦ સેકન્ડમાં દોડ પુરી કરવાની રહેશે. |

https://www.freshersnow.com/syllabus/

➢ (એ) પુરૂષ ઉમેદવારો માટે :

➢ ૫૦૦૦ મીટરની દોડ મહત્તમ ૨૫ મિનીટમાં પૂર્ણ કરવાની રહેશે અને તે માટે નીચે મુજબ ગુણભાર આપવામાં આવશે.

| | |
|---|---|
| ૨૦ મિનીટ અથવા તે કરતા ઓછી મિનીટમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૫૦ માકર્સ |
| ૨૦ મિનીટ કરતા વધુ અને ૨૦.૩૦ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૪૮ માકર્સ |
| ૨૦.૩૦ મિનીટ કરતા વધુ અને ૨૧ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૪૫ માકર્સ |
| ૨૧ મિનીટ કરતા વધુ અને ૨૧.૩૦ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૪૨ માકર્સ |
| ૨૧.૩૦ મિનીટ કરતા વધુ અને ૨૨ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૩૯ માકર્સ |
| ૨૨ મિનીટ કરતા વધુ અને ૨૨.૩૦ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૩૬ માકર્સ |
| ૨૨.૩૦ મિનીટ કરતા વધુ અને ૨૩ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૩૩ માકર્સ |
| ૨૩ મિનીટ કરતા વધુ અને ૨૩.૩૦ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૩૦ માકર્સ |
| ૨૩.૩૦ મિનીટ કરતા વધુ અને ૨૪ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૨૭ માકર્સ |
| ૨૪ મિનીટ કરતા વધુ અને ૨૪.૩૦ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૨૪ માકર્સ |
| ૨૪.૩૦ મિનીટ કરતા વધુ અને ૨૫ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૨૦ માકર્સ |
| ૨૫ મિનીટ કરતા વધુ સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવાર | નાપાસ |

➢ (બી) મહિલા ઉમેદવારો માટે :

➢ ૧૬૦૦ મીટરની દોડ મહત્તમ ૯.૩૦ મિનીટમાં પૂર્ણ કરવાની રહેશે અને તે માટે નીચે મુજબ ગુણભાર આપવામાં આવશે.

| | |
|---|---|
| ૭ મિનીટ અથવા તે કરતા ઓછી મિનીટમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૫૦ માકર્સ |
| ૭ મિનીટ કરતા વધુ અને ૭.૩૦ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૪૫ માકર્સ |
| ૭.૩૦ મિનીટ કરતા વધુ અને ૮ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૪૦ માકર્સ |
| ૮ મિનીટ કરતા વધુ અને ૮.૩૦ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૩૫ માકર્સ |
| ૮.૩૦ મિનીટ કરતા વધુ અને ૯ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૩૦ માકર્સ |
| ૯ મિનીટ કરતા વધુ અને ૯.૩૦ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૨૦ માકર્સ |
| ૯.૩૦ મિનીટ કરતા વધુ સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવાર | નાપાસ |

➢ (સી) એકસ સર્વિસમેન ઉમેદવારો માટે :

➢ ૨૪૦૦ મીટરની દોડ મહત્તમ ૧૨.૩૦ મિનીટમાં પૂર્ણ કરવાની રહેશે અને તે માટે નીચે મુજબ ગુણભાર આપવામાં આવશે.

| | |
|---|---|
| ૧૦ મિનીટ અથવા તે કરતા ઓછી મિનીટમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૫૦ માકર્સ |
| ૧૦ મિનીટ કરતા વધુ અને ૧૦.૩૦ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૪૫ માકર્સ |
| ૧૦.૩૦ મિનીટ કરતા વધુ અને ૧૧ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૪૦ માકર્સ |
| ૧૧ મિનીટ કરતા વધુ અને ૧૧.૩૦ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૩૫ માકર્સ |
| ૧૧.૩૦ મિનીટ કરતા વધુ અને ૧૨ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૩૦ માકર્સ |
| ૧૨ મિનીટ કરતા વધુ અને ૧૨.૩૦ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૨૦ માકર્સ |
| ૧૨.૩૦ મિનીટ કરતા વધુ સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવાર | નાપાસ |

https://www.freshersnow.com/syllabus/

- શારીરિક ક્ષમતા કસોટી (Physical Efficiency Test) માં ઉત્તીર્ણ થનાર ઉમેદવારોને શારીરિક માપદંડ (Physical Standard Test) માટે બોલાવવામાં આવશે. જેમાં ફકરા નંબર ૧૨ માં જણાવ્યા મુજબ ઉંચાઇ, છાતી અને વજનની માપણી કરવામાં આવશે.

- શારીરિક ક્ષમતા કસોટી (Physical Efficiency Test) તથા શારીરિક માપદંડ (Physical Standard Test) માં ઉત્તીર્ણ તમામ ઉમેદવારોને અથવા મેરીટના આધારે ખાલી જગ્યાના કેટેગીરીવાઇઝ ૧૫ (પંદર) ગણા ઉમેદવારોને બંન્નેમાંથી જે ઓછા હોય તે પ્રિલિમીનરી પરીક્ષા માટે બોલાવવામાં આવશે.

<u>પ્રિલીમીનરી પરીક્ષા</u> :

તમામ સંવર્ગની જગ્યાએ ભરતી થવા માટે પ્રિલીમીનરી પરીક્ષા એ અનિવાર્ય કવોલીફાઇંગ ટેસ્ટ છે. પ્રિલીમીનરી પરીક્ષા ૧૦૦ પ્રશ્નના હેતુલક્ષી (ઓબ્જેકટીવ) પ્રશ્નપત્રમાં લેવાશે. જેમાં દરેક પ્રશ્નના એક ગુણ લેખે કુલ ગુણ ૧૦૦ રહેશે. જે પરીક્ષાનો સમય બે કલાકનો રહેશે. આ પશ્નપત્રમાં સામાન્ય જ્ઞાન, વર્તમાન પ્રવાહો, મનોવિજ્ઞાન, ઇતિહાસ, ભૂગોળ, સમાજ શાસ્ત્ર, વિજ્ઞાન તેમજ મેન્ટલ એબીલીટી ને લગતા પ્રાથમિક પ્રકારના પ્રશ્નો આવરી લેવાશે. આ લેખિત પરીક્ષા **MCQ (Multiple Choice Question)** અને **OMR (Optical Mark Reader)** પદ્ધતિમાં લેવામાં આવશે. તમામ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. દરેક પ્રશ્નમાં એક “Not Attempted” નું વિકલ્પ પણ આપવામાં આવશે જો કોઇ ઉમેદવાર કોઇ પ્રશ્નનો જવાબ નહીં આપવા માંગતા હોય તો “Not Attempted” વિકલ્પની પસંદગી કરવાની રહેશે. “Not Attempted” વિકલ્પને પસંદ કરવામાં આવે તો કોઇ નેગેટીવ માર્કીંગ થશે નહીં. દરેક સાચા જવાબ માટે એક ગુણ મળશે. તેમજ દરેક ખોટા જવાબ માટે નેગેટીવ ગુણ ૦.૨૫ રહેશે. OMR શીટમાં સફેદ શાહી (White Ink) નો ઉપયોગ નિષેધ છે. જો કોઇ ઉમેદવાર કોઇ પ્રશ્નના જવાબમાં સફેદ શાહી (White Ink) નો ઉપયોગ કરશે તો તે જવાબ ખોટો ગણી નેગેટીવ ગુણ આપવામાં આવશે. ઉમેદવારે કોઇપણ વિકલ્પ પસંદ કરેલ નહીં હોય તો ૦.૨૫ ગુણ નેગેટીવ ગણવામાં આવશે.

- <u>પ્રિલીમીનરી પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે.</u>
- પ્રિલીમીનરી પરીક્ષામાં ઉતીર્ણ થવા માટે લુઘત્તમ લાયકાત ૪૦% રહેશે. પ્રિલિમીનરી પરિક્ષામાં ૪૦% ગુણ મેળવેલ તમામ ઉમેદવારો અથવા મેરીટના આધારે ખાલી જગ્યાના કેટેગીરીવાઇઝ ૩ (ત્રણ) ગણા ઉમેદવારો, બંન્નેમાંથી જે ઓછા હોય તેવા ઉમેદવારોને મુખ્ય પરિક્ષા (Main Exam) માટે બોલાવવામાં આવશે.

**<u>મુખ્ય પરીક્ષા (Main Exam):</u>**

**ચાર પ્રશ્નપત્રોની MCQ (Multiple Choice Question) અને OMR (Optical Mark Reader) પદ્ધતિમાં પરીક્ષા લેવામાં આવશે. જે નીચે પ્રમાણે રેહશે.**

| | |
|---|---|
| પ્રશ્નપત્ર-૧ | ગુજરાતી ભાષા કુલ-૧૦૦ ગુણ સમય- ૨ કલાક |

| | |
|---|---|
| | (પ્રશ્નોમાં વ્યાકરણ, મૌખિક ક્ષમતા, રૂઢીપ્રયોગો, શબ્દ કોષ, કોમ્પ્રીહેન્શન વિગેરેનો સમાવેશ થશે.) |
| પ્રશ્નપત્ર-૨ | અંગેજી ભાષા કુલ-૧૦૦ ગુણ સમય- ૨ કલાક<br><br>**(Questions shall be objective type which shall include Grammar, Verbal aptitude, Vocabulary, Idioms, Comprehension etc.)** |
| પ્રશ્નપત્ર-3 | સામાન્ય જ્ઞાન કુલ-૧૦૦ ગુણ સમય- ૨ કલાક<br><br>(વર્તમાન પ્રવાહો અને કોમ્પ્યુટર જ્ઞાન અને મનોવૈજ્ઞાનિક બાબતો) |
| પ્રશ્નપત્ર-૪ | કાયદાકીય બાબતો કુલ ગુણ-૧૦૦ સમય– ૨ કલાક |
| | આ પ્રશ્નપત્રમાં નીચેના કાયદાને લગતા સામાન્ય જ્ઞાનના પ્રશ્નો પુછવામાં આવશે. |
| | (૧) ભારતનું બંધારણ (૨) ક્રીમીનલ પ્રોસીજર કોડ- ૧૯૭૩ (૩) ઇન્ડીયન પીનલ કોડ- ૧૮૬૦ (૪) એવીડન્સ એકટ- ૧૮૭૨ (૫) ગુજરાત પોલીસ એકટ-૧૯૫૧ (૬) ગુજરાત પ્રોહીબીશન એકટ- ૧૯૪૯ (૭) ભ્રષ્ટાચાર નાબૂદી અધિનિયમ-૧૯૮૮ (૮) અનુજાતિ/અનુ.જનજાતિ (અત્યાચાર નિવારણ) ધારો-૧૯૮૯ (૯) મોટર વાહન અધિનિયમ-૧૯૮૮. |

**નોંધઃ-** (i) **તમામ પ્રશ્નપત્રો** હેતુલક્ષી (ઓબ્જેકટીવ) પ્રકારના રહેશે. દરેક પ્રશ્નના પાંચ વિકલ્પમાંથી એક જવાબ પસંદ કરવાનો રહેશે. તમામ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. દરેક પ્રશ્નમાં એક “Not Attempted” નું વિકલ્પ પણ આપવામાં આવશે જો કોઇ ઉમેદવાર કોઇ પ્રશ્નનો જવાબ નહીં આપવા માંગતા હોય તો “Not Attempted” વિકલ્પની પસંદગી કરવાની રહેશે. “Not Attempted” વિકલ્પને પસંદ કરવામાં આવે તો કોઇ નેગેટીવ માર્કીંગ થશે નહીં. દરેક સાચા જવાબ માટે એક ગુણ મળશે. તેમજ દરેક ખોટા જવાબ માટે નેગેટીવ ગુણ ૦.૨૫ રહેશે. OMR શીટમાં સફેદ શાહી (White Ink) નો ઉપયોગ નિષેધ છે. જો કોઇ ઉમેદવાર કોઇ પ્રશ્નના જવાબમાં સફેદ શાહી (White Ink) નો ઉપયોગ કરશે તો તે જવાબ ખોટો ગણી નેગેટીવ ગુણ આપવામાં આવશે. ઉમેદવારે કોઇપણ વિકલ્પ પસંદ કરેલ નહીં હોય તો ૦.૨૫ ગુણ નેગેટીવ ગણવામાં આવશે.

(ii) પ્રશ્નપત્ર-૧ ગુજરાતી અને પ્રશ્નપત્ર-૨ અંગ્રેજીનું ધોરણ ઉચ્ચતર માધ્યમિક શાળા (HSC) લેવલનું રહેશે.

(iii) પ્રશ્નપત્ર-3 સામાન્ય જ્ઞાન અને મનોવૈજ્ઞાનિક બાબતોનું ધોરણ સ્નાતક (Graduate) લેવલનું રહેશે તેમજ કોમ્પ્યુટર જ્ઞાનનું ધોરણ ઉચ્ચતર માધ્યમિક શાળા (HSC) લેવલનું રહેશે.

(iv) મુખ્ય પરીક્ષામાં ઉતીર્ણ થવા માટે ૪૦ % માકર્સ લધુત્તમ લાયકાત રહેશે.

https://www.freshersnow.com/syllabus/